

રંગભૂમિના નીવડેલા કલાકારો રાજુ બારોટ, અર્ચન ત્રિવેદી, નિસર્ગ ત્રિવેદી, નેહા રામાનુજ અને સાથી કલાકારોના 'તર્જ એ થેટર' ગ્રુપ દ્વારા જૂની રંગભૂમિના લોકપ્રિય, ચિરંજીવી અને કર્ણમધુર ગીતોથી ભર્યોભાદર્યો કાર્યક્રમ 'મીઠા લાગ્યા છે મને આજના ઉજાગરા' શીર્ષક તળે ગાંધીનગર ટાઉનહોલ ખાતે જાણીતી કલાસંસ્થા શિવરંજનીના બેનર હેઠળ યોજાયો હતો. (તસવીરઃધર્મેન્દ્રસિંહ કુંપાવત)

# એક સરખાં દિવસ સુખના જાતા નથી જે ચઢે તે પડે એ નિયમ પલટાતાં નથી

ગાંધીનગર,રવિવાર

'મોહે મનઘટ પે નંદલાલ છેડ ગયો રે...' મુગલે આઝમનું આ લોકપ્રિય થયેલું ગીત કોનું અને ક્યાંથી આવ્યું એની ખબર ખુદ ફિલ્મ નિર્માતા કે.આસિફ કે પીઢ સંગીતકાર નૌશાદને પણ ન્હોતી..! ગુજરાતીઓને ય એ જાણીને આશ્ચર્ય થશે કે આ ગીતના રચિયતા જૂની ગુજરાતી રંગભૂમિના રસકવિ રઘુનાથ બ્રહ્મભટ્ટ હતાં...! ૧૯૨૦ માં 'છત્રવિજય' નાટકમાં આ ગીત પ્રસ્તુત થયું હતુ. એક એકથી ચઢિયાતા અનેક ગીતરત્નોથી જૂની રંગભૂમિ જીવંત હતી. કમનસીબે એ સમયના સાત્વિક અને સુંદર નાટકો તેમજ ગીતો ટી.વી. સિનેમાના બુલડોઝર તળે કચડાઈ ગયા છે. ટી.વી. દ્વારા બેડરૂમ સુધી ઘુસી ગયેલાં સાવ સસ્તાં મનોરંજને રંગભૂમિના સંસ્કારી દશ્યોને ઝાંખપ લગાડી છે. પરંતુ સાચા રંગકર્મીઓ હજી હાર્યા નથી. રંગભૂમિને ધબકતી રાખવા માટે તેઓ મરદની જેમ મથામણ કરી રહ્યા છે અને એમાં સફળતા પણ મળી રહી છે.

જૂની રંગભૂમિને જીવંત રાખવાના પ્રયાસો કરતાં અમદાવાદના નાટ્યકલાકારોના 'તર્જ-એ-થેટર' ગ્રુપની અહીં વાત કરવી છે. આ કલાકારો રંગભૂમિના નાટકોમાં અભિનય તો કરે જ છે, સાથે એક અલગ જૂથ બનાવીને ગાયક તરીકે જૂની રંગભૂમિના ગીતોના કાર્યક્રમો પણ રજૂ કરે છે...! ફિલસુફી, વૈરાગ્ય, પ્રેમ, સૌંદર્ય, શૃંગાર,

(અનુસંધાન ત્રીજા પાને)

## ગુજરાતી રંગભૂમિના ગીતોમાં શ્રોતાઓ એટલાં બધાં લીન બની ગયેલાં કે બેઠક છોડવામાંય છેલ્લે કચવાઈ ગયા હતાં